## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

ફૂલ ઝરતો હાથ લઇને,ઝાકળ જેવી જાત લઇને;
સૂરજની એક વાત લઇને, મારે તમને મળવું છે.
સાંજ ઢળ્યાની હાશ લઇને,ઝલમલતો અજવાસ લઇને;
કોરા સપના સાત લઇને, મારે તમને મળવું છે.

- રિષભ મહેતા

### પાથેય

- રમેશ ઠક્કર

## લાગણીનો લય

માનવીય લાગણીઓ અણમોલ હોય છે..કોઇ ને કોઇ પ્રસંગે આપણે એકબીજાના યાદ કરીએ કે શુભેચ્છાઓનું આદાનપ્રદાન કરીએ ત્યારે એક નવી ઉર્જાનો સંચાર થતો હોય છે..આમ જોઇએ તો આ એક સીધી સાદી વાત છે. આમછતાં લોકો એને કેવી અઘરી અને અટપટી બનાવી નાખતા રહે છે ! સહજ ભાવે કોઇકને સારા કે ખુશીના પ્રસંગે યાદ કરીએ તો એક અસાધારણ હકારાત્મકતાનો અનુભવ થતો હોય છે.

આપણી વ્યવસ્થામાં ગોઠવાયું આગવું મહત્વ રહેલું છે.સજાવટ એ ભૌતિક ચીજોની હોઇ શકે..માનવમનના ભાવો નિરંતર અને સહજ પ્રગટતા રહે છે.વાણી કે હાવભાવ થકી એને જરીક ઘાટ આપી શકાય પણ એટલા ઉપચાર થકી જ સાચી લાગણીઓ વ્યક્ત થતી નથી..હૃદયના શુધ્ધ ભાવો ફક્ત મૌન સંમતિ ઉપર પણ ખીલી ઉઠતા હોય છે.આપણે સાવ સીધી આ બાબતને ઔપચારિકતાના કુંડાળામાં અટકાવી દઇએ છીએ.

માણસને લાગણીની ભૂખ હોય છે..કોઇક એને સંકોરે તો ગમે છે. માણસમાત્રને આવું ગમતું હોય છે..ભૌતિક ચીજો કે આધુનિક સુખસગવડો થકી જ સુખની અનુભૂતિ થાય એવું નથી..માણસને મળતો નિર્વ્યાજ સ્નેહ એને જીવાડે છે..જગતમાં કોઇપણ કારણ વગર જે લાગણીઓ ધબકે છે,સાચો ધબકાર એમાં જ રહેલો છે

બિનશરતી માનવસંબંધોની અનોખી હૂંફ હોય છે..હમણાં એક સંશોધન થકી એવું જાણવા મળ્યું કે જે લોકો લાંબુ આયુષ્ય ભોગવે છે એમાં મહત્વનું પરિબળ એને મળતો કુટુંબપ્રેમ કે માનવપ્રેમ હોય છે..એકબીજાને ઉમળકાથી મળતો માનવ એ સાક્ષાત માધવ હોય છે..આપણે એને ખોટી જગ્યાએ શોધતા રહીએ છીએ. માધવ ક્યાંય નથી મધુવનમાં. એ છલકાય છે એકમેકના મનમાં..

અનેક વૈભવોથી છલકાતાં શહેરોમાં માણસ એકાકીપણું અનુભવે છે. કયારેક ગુંગળાય છે..આપણી ગ્રામ સંસ્કૃતિમાં અનેક અભાવો વચ્ચે પણ માણસો લીલાછમ રહેતા..કેમકે એકબીજાને સહજ બોલાવવા કે લાગણી વ્યક્ત કરવી એ ગામડાઓમાં સ્વાભાવિક હતું..શહેરના આલીશાન બંગલામાં પરાણે પુરેલા વડિલો ગામડાના ગારમાટીના ઘરને યાદ કરતા હોય ત્યારે આપણને એમનો એ વલોપાત સમજાતો નથી..આપણે જયારે એવી નિર્દોષ લાગણીઓ ખુદ અનુભવીએ છીએ ત્યારે આપણે એનો એકરાર કરતા હોઇએ છીએ..

# શિક્ષણ અને સાહિત્યક્ષેત્રે જાગૃતિ જરૂરી

**તંત્રીસ્થાનેથી...**

શિક્ષણ અને સાહિત્યને અલગ પાડીને જોઈ શકાય નહીં. ગુજરાત આ બેઉ ક્ષેત્રે ખાસ્સું સમૃદ્ધ રહ્યું છે. દેશ અને દુનિયામાં મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરાની વિશિષ્ટ નામના રહી છે. મહાત્મા ગાંધીએ શ્રમ સાથેના શિક્ષણનો મહિમા કરતી ‘નઈ તાલીમ’ નો સૂત્રપાત કર્યો અને આપણને ગૂજરાત વિદ્યાપીઠ મળી. ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ ઉમાશંકર જોષીએ આગળ જતાં વિશ્વભારતી - શાંતિનિકેતનના કુલપતિનું પદ પણ શોભાવ્યું હતું. કાળક્રમે આ સ્તર નીચું ઊતરતું ગયું. એ સત્ય ન ગમતું હોય તો પણ સ્વીકારવું પડે. વર્તમાન શિક્ષણમંત્રીએ હમણાં કરેલા કેટલાંક વિધાનો કઠે એવાં છે. એમને ગુજરાતની કથળી ગયેલી શિક્ષણ વ્યવસ્થા સંદર્ભે થતી રહેતી ટીકાનો ઉગ્ર પ્રતિભાવ પાઠવીને એ વધુ ટીકાપાત્ર બન્યા છે. ગુજરાતમાં શિક્ષણનું સ્તર નીચે ઊતર્યું છે તે કડવી છતાં સાચી હકીકત છે છે. ખુદ પૂર્વ નાયબ મુખ્યમંત્રીએ કેનેડાની અમેરિકા સાથેની સરહદ પાર કરતાં બરફના વાવાઝોડામાં જીવ ગુમાવી ચૂકેલા ઉત્તર ગુજરાતના પાટીદાર પરિવાર સંદર્ભે કહ્યું હતું કે અહીં વર્તમાન શિક્ષણમંત્રીએ તો ઉગ્ર થઈને જેને ગુજરાતનું શિક્ષણ સારું ન લાગતું હોય તો બીજા પ્રદેશ કે દેશમાં જઈ શકે છે - એવું વિધાન કરીને વિદ્યાજગતને આઘાત જ પહોંચાડ્યો છે. શું દિલ્હીમાં સરકારી શાળાઓનું સ્તર સુધરી શકતું હોય તો ગુજરાતમાં ન સુધરી શકે ? શા કારણસર એકાદ આઈઆઈએમ સિવાયની કોઈ શિક્ષણ સંસ્થા દેશની શ્રેષ્ઠ શિક્ષણ સંસ્થાઓની યાદીમાં નથી આવી શકતી ? દિલ્હીના શિક્ષણમંત્રી અને નાયબ મુખ્યમંત્રી આપણા શિક્ષણમંત્રીને ખુલ્લી ચર્ચા માટે પડકારે છે એ શું સૂચવે છે ? ગુજરાતને ભારતીય જનતા પાર્ટીએ રાજકીય પ્રયોગોની લેબોરેટરી બનાવી મૂકી છે. પરંતુ નામ માત્રનાં પાટિયાં સાથે જિલ્લે જિલ્લે યુનિવર્સિટીનું સ્ટેટ્સ માગે એને ખુશ કરવા ‘ડીમ્ડ’ યુનિવર્સિટીનું છોગું બઝાડી દઈ ગુજરાતે શિક્ષણક્ષેત્રે નર્યું દેવાળું જ કાઢ્યું છે એમ કહેવામાં ભાગ્યે જ કશી અતિશયોક્તિ લેખાશે. કુલપતિઓનું લેવલ તો જુઓ ! કયાં એક સમયના પ્ર.ચુ. વૈદ્ય, ઉમાશંકર જોશી, કે ડોલરરાય માંકડ અને કયાં આજના પ્રભાવહીન ખુરશીધારીઓ ! આવી વિષયમ પરિસ્થિતિમાં કયારેક કોઈ રણમાં વીરડી જેવું કામ થતું વરતાય, કયાંક અંધારાને વીંધતું ટમટમિયું પ્રકાશી રહેલું દેખાય ત્યારે જરૂર થોડી શાતા વળે છે. ગુજરાતી સાહિત્ય પરિષદ નથી કરી શકી એવો વ્યાપક લોકસંપર્ક કરવાના ઉદ્દેશ સાથે સરકારી સાહિત્ય અકાદમીએ એક યશસ્વી ઉપક્રમ શરૂ કર્યો છે. ગુજરાતી ભાષાના દિવંગત સર્જકોના ગામે પહોંચી જઈ મુખ્ય માર્ગ પર ‘આ ગામ ફલાણા સાહિત્યકારનું જન્મસ્થાન’ જેવાં પાટિયાં મૂકવાં, એમનાં ઘર આગળ પણ એવું ઓળખ ચિહ્ન મૂકી એમની વિસરાયેલી યાદ તાજી કરાવવી તે કોઈ સામાન્ય બાબત નથી. જેને પણ આ વિચાર સ્ફુર્યો હોય તેને આપણે ધન્યવાદ આપીએ. રામનારાયણ પાઠક જેવા કાલજયી સર્જક અને ઉમાશંકર જેમને ગુજરાતના ‘સાહિત્ય ગુરુ’ તરીકે સ્વીકારતા હતા એવા આ પ્રખરપ વાર્તાકાર - કવિ - નિબંધકારના ગામ ભોળાદ મુકામે જઈ સાહિત્ય અકાદમી એમના નામનું પાટિયું મૂકે છે, એમના ઘરની ઓળખ તાજી કરે છે ત્યરે આવાં સાહિત્ય તીર્થોને ઉજાગર કરવા બદલ જરૂર આપણે આ સરકારી સંસ્થાઓ ઋણ સ્વીકાર કરવો જ રહ્યો.

# કોરોના બોગસ રિપોર્ટ - બજારમાં વેચાય છે?

## કોરોનાનો ટેસ્ટ કરાવ્યા સિવાય કોરોનાનો રિપોર્ટ મળી શકે ?




આજે ડાહ્યાલાલ અને ગાંડાલાલ બંને સમયસર પોતાની જગ્યા ઉપર ગોઠવાઈ ગયા. આજે ગાંડાલાલ ખુબ જ ગુસ્સામાં હતા. ડાહ્યાલાલે પૂછ્યું... ગાંડાલાલ આજે તમારો મૂડજ કેમ બરાબર નથી.... શું કહું ? એવા એવા સમાચાર સાંભળવા મળે છે કે દુઃખી થઈ જવાય. હમણાં જ સમાચાર મળ્યા કે ચાઈના, સિંગાપુર અને ઈટાલીમાં પાછો કોરોના ફેલાયો છે. ભારતમાં તો રસીકરણના લીધે હજી કંઈ તકલીફ થાય એવું લાગતું નથી. પણ એમાં દુઃખી થવાની કયાં જરૂર છે - ડાહ્યાલાલે કહ્યું.... આ તો સારી વાત છે ને કે ભારતમાં કોરોના નથી... ડાહ્યાલાલ, વાત એમ છે કે કોરોનાના વખતમાં પહેલી, બીજી અને ત્રીજી લહેરમાં ખાસ કરીને બીજી લહેરમાં આપણા બધાના શું હાલ થયા હતા? કેટલા બધા આપણા નજીકના સગા સંબંધીઓ આપણા વચ્ચે નથી રહ્યા. તેનું આપણને ભારોભાર દુઃખ છે. કેટલાય ઓક્સિજન ન મળવાને લીધે કે, દવાખાનામાં જગ્યા ન મળવાના લીધે અથવા તો કોરોનાની આડઅસરના લીધે આ દુનિયામાં નથી. કેવી પરિસ્થિતિ હતી ? ઘરમાં પણ એકબીજાની સામે શંકાની નજરે જ જોતા. આપણા જ કુટુંબીજનો, આપણા જ મિત્રો જેને દિવસમાં બે વાર મળતા એવા એકબીજાનું મોં જોવા તૈયાર ન હતા, અને ફોન પર જ વાત પતાવતા. આવી ખરાબ દશા હતી. ડૉકટરો - લેબોરેટરીઓ પોતપોતાની રીતે પોતાના ઉપર જાનનું જોખમ લઈને કોરોનાના દર્દીની તપાસ કરતા - લોકો એમ કહે છે કે કોરોનાની આ બીજી લહેરમાં ડૉકટરો અને લેબોરેટરી વાળા બહુ જ કમાઈ ગયા. પણ ભાઈ આવા જીવના જોખમે કોણ કામ કરે ? ઘણા એવા ડૉકટરો હતા કે જેમણે કોરોનાના ભયથી કોરોનાના દર્દીઓને ન તપાસ્યા અથવા ઓછા તપાસતા એવી પરિસ્થિતિમાં લોકો કામ કરે એજ મોટી વાત કહેવાય. ડાહ્યાલાલે કીધું આ બધું તો ઠીક છે પણ તમે ગુસ્સામાં કેમ છો...?? અરે જવા દો ને યાર.... અમારા એક સંબંધી સિંગાપુર જવાના હતા. એમણે એક ટ્રાવેલ એજન્ટ પાસે જઈને ટીકીટ બુક કરાવી. તો ટ્રાવેલ એજન્સીએ ટીકીટની સાથે કોરોનાનો રિપોર્ટ પણ આપ્યો ...!! અમારા સંબંધીએ કહ્યું - ‘આ કોરોનાનો રિપોર્ટ શું છે ??’ એજન્ટે કહ્યું તમે અમારે ત્યાં ટીકીટ બુક કરાવી એટલે તમારે કોરોનાનો ટેસ્ટ કરવા જવાની જરૂર નથી અમે રિપોર્ટ ફ્રી આપીએ છીએ. સગાએ કહ્યું કે અમે ટેસ્ટ માટે સેમ્પલ તો આપ્યું જ નથી તો રિપોર્ટ કઈ રીતે આવ્યો ?? એજન્ટે કહ્યું, તમને લેબોરેટરીના રિપોર્ટથી મતલબ છે ને ?? રિપોર્ટ નેગેટીવ હોય પછી તમારે શું ચિંતા ? અમે તો તમારા સારા માટે આ સેવા આપીએ છીએ. ધારો કે તમે લેબોરેટરીમાં સેમ્પલ આપ્યું અને રિપોર્ટ પોઝીટીવ આવે તો તમારી ટૂર કેન્સલ અને પૈસા બરબાદ થયા.

બોલો ડાહ્યાલાલ - મને ગુસ્સો ના આવે તો શું થાય ?? આજ પ્રોસેસીના હિસાબે કોરોના વિશ્વમાં જતો નથી. બોલો આ વાત યોગ્ય છે ? લોકો એટલા બધા સ્વાર્થી થઈ ગયા છે કે માત્ર પોતાનું જ વિચારે છે ? સમાજ, દેશ, દુનિયાનું વિચારતા જ નથી ? ડાહ્યાલાલે કહ્યું, ગાંડાલાલ લેબોરેટરીના દરેક રિપોર્ટ પર ‘ક્યૂઆર કોડ’ ‘QR Code’ હોય છે એટલે જો ‘QR Code’ વાંચવામાં આવે તો બે નામ જુદા હોય અને એ મોટો ગુનો બને છે. એની સજા પણ મોટી હોય છે. થોડા ઘણા પૈસા માટે આવા ધંધા કયારેય ન કરવો જોઈએ. હમણાં જ એક કંપનીમાં આવા કોરોનાના ખોટા રિપોર્ટ પકડાયા જેને કંપનીએ તરત જ છૂટા કરી દીધા. એટલે હવે લોકોએ સજાગ થવાની જરૂર છે. આવા બોગસ રિપોર્ટ ને કયારેય પણ પ્રોત્સાહન ન આપવું કારણ કે આ દેશની પ્રતિષ્ઠાનો સવાલ છે.

### દિન મહિમા

- રામ નવમી
- ૧૯૨૦ - ગાંધીજીએ અંગ્રેજ સરકાર સામે અસહકારની લડતની શરુઆત કરી.

### આજનું ઔષધ

- મરી અને મીઠું વાટીને મોંમા ફાકવાથી ઉલ્ટી મટે છે.

### ખડખડાટ

- કંઈક તો ભણેલી ગણેલી હશે આ ગરમી નહિતર આટલી બધી ડિગ્રી કયાંથી લાવે...!

### આજનો વોટ્સએપ

- પૃથ્વી પરનાં સૌથી સફળ વ્યક્તિ બનવા માટે તમારાં ભૂતકાળને ડસ્ટબીનમાં ફેંકી દો. વર્તમાનને ટેબલ પર રાખો અને ભવિષ્યને નોટીસ બોર્ડ પર ચિપકાવી દો.

# રતુભાઈ અદાણી : કસાયેલા તેમજ ઘસાયેલા લોકનેતા




સરદાર વલ્લભભાઈ પટેલ મુંબઈથી તા. ૧૭-૦૭-૩૫ના રોજ રતુભાઈને એક પત્ર લખે છે. પત્ર સરદાર સાહેબના સ્નેહાળ તથા પ્રોત્સાહક વ્યક્તિત્વનો પરિચય આપે છે. સાથે સાથે આ પત્ર ‘રતુભાઈના પરાક્રમો’ તરફ પણ સહેજ અંગુલિનિર્દેશ કરી જાય છે. સરદાર લખે છેઃ

‘ભાઈ રવિશંકર(મહારાજ) તમારી મંડળીના કામની વાતો કરી ગયા. આ વાતોના રસના ઘૂંટડા હું પી રહ્યો છું. કાઠિયાવાડ મૂંગું તથા નક્કર કામ માંગે છેપ સેવાના વિકટ માર્ગે તમે ચઢ્યા છો એ જાણી મુબારકબાદી આપું છું. (તમારા) આ કામથી પ્રસિદ્ધિ નહિ મળે...પણ તમારા આત્માને શાંતિ મળશે. એથી વધારે શું જોઈએ? ઈશ્વર તમને તમારા પ્રયાસોમાં સફળતા આપે. કાઠિયાવાડ આવવાનું થશે ત્યારે તમારે ત્યાં આવવાનું મુખ્ય આકર્ષણ હશે.’

સરદાર સાહેબને પણ જે કામનું આકર્ષણ રહ્યું તેવું લોકહિતનું અનોખું કાર્ય રતુભાઈ અદાણી કરીને ગયા. રતુભાઈનો જન્મ ૧૩-૪-૧૯૧૪માં થયો હતો. આથી હાલના દિવસોમાં તેમની વિશેષ સ્મૃતિ અનેક લોકોને થતી હશે.

દેશ પરાધીનતામાંથી મુક્ત થયો તે પહેલાનો સમય ઈતિહાસમાં એક વિશેષ મહત્વ ધરાવે છે. વિશ્વની પ્રચંડ સત્તા સામેના અવિરત સંઘર્ષનો આ કાળખંડ છે. ગાંધીજી પોતાની અસાધારણ આત્મશક્તિના બળે દેશના વિશાળ સમૂહને દોરવણી આપે છે. સરદારસિંહ રાણા, શામજી કૃષ્ણ વર્મા કે વીર સાવરકર જેવા લોકો દેશની સરહદો પાર કરીને વિશ્વના તખ્તા ઉપર પોતાની પરાધીન માતૃભૂમિની વ્યથાનું વિગતે તથા તર્કબદ્ધતાથી વિવરણ કરે છે. બરાબર આ કાળમાં જ મહાત્મા ગાંધી મીઠા પરના વેરા સામેના ઐતિહાસિક સંગ્રામનું રણશિંગુ ફૂંકે છે. દેશમાં જાગૃતિનો એક અસાધારણ જુવાળ ઉભો થાય છે. આ પડકારરૂપ સત્યાગ્રહની પ્રેરણા લઈને રતુભાઈ દેશ માટે ન્યોછાવર થવા નીકળી પડે છે અને ધોલેરા સત્યાગ્રહના ઐતિહાસિક સંગ્રામમાં જોડાય છે. માતાપિતાનો સ્નેહ વળીવળીને તેમને રોકવાનો પ્રયાસ કરે છે. પુત્રની ચિંતા છે. યુવાન પુત્ર પાસેથી અનેક અપેક્ષાઓ પણ છે. ધોલેરા સત્યાગ્રહની છાવણીમાં પોતાના સ્નેહાળ પિતાને રૂંધાયેલા સ્વરે રતુભાઈ જણાવે છેઃ ‘તમને તેમજ મારા બાને દુઃખી કરીને આવવું મનેય આકરું લાગે છે. પરંતુ દેશને આઝાદ કરવો હોય તો મારા જેવા લાખો યુવાનોએ કઠણ કાળજા કરીને માતાપિતા, ભાઈ ભાંડુ કે સગા સ્નેહીનો વિયોગ સહન કરીને આ સ્વાધીનતાની લડાઈમાં ઝુકાવવું રહ્યું... હવે તો સ્વરાજ્ય મેળવ્યા પછી જ ઘરે પાછા આવી શકાય.’ નિરુપાયે પિતાને પાછા જતા જોઈ યુવાન રતુભાઈ વિયોગની પીડા સહન કરતા અનેક માબાપોને મનોમન વંદન કરતા રહ્યા. દેશની તત્કાલીન સ્થિતિને અનુલક્ષીને ઝવેરચંદ મેઘાણીએ લલકાર્યું હતુંઃ

કેસરિયા વાઘા કરી, જોબન યુદ્ધે ચડે,
રોકણહારું કોણ છે? કોના નેન રડે?
કોઈ પ્રિયજન તણા નેન રડશો નહિ,
યુદ્ધ ચડતાને અપશુકન ધરશો નહિ.
રતુભાઈ અદાણી, સૌરાષ્ટ્ર.

સાપ્તાહિકના તંત્રી અમૃતલાલ શેઠ, ઝવેરચંદ મેઘાણી, બળવંત મહેતા તથા સર્જક મોહનલાલ મહેતા(સોપાન) જેવા અનેક સુપ્રસિદ્ધ નેતાઓ ધોલેરા લડતને દોરવણી આપતા હતા. મીઠાની અન્યાયી તેમજ આકરી જકાત સામેની આ લડત હતી. આ લડતની શરૂઆત યુગપુરુષ ગાંધીએ દાંડીકૂચનાં માધ્યમથી કરી હતી. ધોલેરા સત્યાગ્રહના ભાગ તરીકે જ રાણપુરની લડત છાવણીનો એક વિશિષ્ટ ઈતિહાસ છે. અંગ્રેજ અમલદારોની ધાકને કારણે લડતની છાવણી માટે ગામમાં કોઈ જગ્યા મળી ન શકી. આથી સત્યાગ્રહીઓએ સ્મશાનમાં છાપરીમાં પોતાની છાવણી ઉભી કરવાનું નક્કી કર્યું. સ્મશાનભૂમિમાં કોઈની ચિતા સળગતી હોય ત્યારે સામે બેસીને ભોજન કરવાનું સૂઝે પણ નહિ. આમ છતાં મીઠા સત્યાગ્રહની આ લડત સ્મશાનભૂમિમાં પણ આશ્રય લઈને સતત આગળ વધતી રહી. સત્યાગ્રહીઓની પોલાદી સંકલ્પશક્તિને તત્કાલીન સર્વશક્તિમાન સરકાર સહેજ પણ નમાવી શકી નહિ.

ગાંધીજી પ્રેરિત આ સત્યાગ્રહના સત્યાગ્રહીઓ જીવનને સર્વાંગી દ્રષ્ટિથી સુધારવાના પ્રયાસમાં રહેતા હતા. આઝાદી તો મળશે તેની શ્રદ્ધા હતી જ. પરંતુ આઝાદી સાથે જ યુવાનોની મનોવૃત્તિ પરિશ્રમ કરવા તરફ વળે તેમજ સામાજિક કુરિવાજોમાંથી મુક્તિ મળે તે બાબત પણ દ્રષ્ટિમાં રહેતી હતી. અમરેલી જિલ્લાના તરવડા ગામમાં ચર્મોદ્યોગનો વિકાસ કાર્યક્રમ એ શ્રમનું ગૌરવ કરવાના હેતુસર થયેલો પ્રયાસ હતો. તરવડાના આ કામમાં રતુભાઈ સાથે જયમલભાઈ પરમાર તેમજ નિરુભાઈ (નિરંજન વર્મા-નાનભા ગઢવી) જોડાયા હતા. અહીંથી જ લોકસાહિત્ય પરિવારના બીજ રોપાયા હશે તેમ કહી શકાય. રતુભાઈ અદાણીનું લોકસાહિત્ય માટેનું પ્રદાન પણ દાખલારૂપ ગણાય તેવું રહ્યું છે. લોકસાહિત્ય વિદ્યાલય, જૂનાગઢની સ્થાપનામાં રતુભાઈનો સિંહફાળો રહ્યો છે. લોકસાહિત્ય ઉપરાંત સમાજ સુધારણામાં પણ રતુભાઈનું નોંધપાત્ર યોગદાન રહયું. પિતાના અવસાન બાદ પ્રેતભોજન નહિ કરાવીને રતુભાઈએ એક સામાજિક સુધારક તરીકેનું પગલું પણ મક્કમતાથી ભર્યું હતું.

દેશ આઝાદ થયા પછી પણ જુનાગઢનો પ્રશ્ન ઉભો રહ્યો. જૂનાગઢના નવાબે સોરઠને પાકિસ્તાન સાથે જોડવાનો નિર્ણય કર્યો. આ નિર્ણય અવ્યવહારુ તથા અવિચારી હતો. જૂનાગઢ રાજ્યના લોકોની મહેચ્છા સ્વાભાવિક રીતે જ ભારત સાથે જોડાવાની હતી. આ સંજોગોમાં આરઝી હકુમત કે સમાંતર સરકારની રચના કરવામાં આવી. તેના મુખ્ય કર્ણધાર શામળદાસ ગાંધીને તેમજ રતુભાઈને બનાવવામાં આવ્યા. એક સુઆયોજિત સંઘર્ષથી જૂનાગઢના નવાબની યોજના નિષ્ફળ રહી. રતુભાઈનું યોગદાન આ સંઘર્ષમાં ચાવીરૂપ રહ્યું. જૂનાગઢની સમગ્ર લડત એ આપણાં આઝાદીની ચળવળ અંગેના ઈતિહાસનું એક ઉજ્વળ પ્રકરણ છે.

દેશ આઝાદ થયો અને ૧૯૫૧-૫૨માં રાજ્યમાં ચૂંટણીઓ યોજવામાં આવી. સૌરાષ્ટ્રનો એક રાજ્ય તરીકે ઉદય થયો. રતુભાઈ જૂનાગઢ જિલ્લાની કેશોદ વિધાનસભાની બેઠક પરથી ભારે બહુમતીએ ચૂંટાયા. સૌરાષ્ટ્ર સરકારમાં તેમજ દ્વિભાષી મુંબઈ રાજ્યમાં રતુભાઈએ મંત્રી તરીકે ઉત્તમ સેવાઓ આપી. રતુભાઈ એક અદના કાર્યકર તરીકે સફળ થયા તેટલીજ સફળતા તેમને રાજ્ય સરકાના મંત્રી તરીકે મળી તે નોંધપાત્ર બાબત છે. રતુભાઈનું જીવન ભાવિ પેઢીઓ માટે માર્ગદર્શક બને તેવું છે.

# ‘ભૂરિયો બાવો’ જયારે કુશળ પ્રશાસક બને ત્યારે..? એક અંગ્રેજ અમલદારની અફલાતુન કથા..!





અમુક માણસોનું જીવન ખજાના જેવું હોય છે.એમાંથી એવી અદ્ભુત વાતો અને જાણકારી મળે કે આપણે ચકિત થઈ જઈએ...આપણો ઈતિહાસ ભવ્ય અને લાંબો છે..ગુજરાતમાં અનેક શાસન પ્રણાલીઓનો પ્રભાવ રહ્યો છે... એમાં વિદેશી શાસકોની પણ આગવી કથાઓ ઉપલબ્ધ છે..અંગ્રેજો તરફથી આપણને આધુનિક વહીવટ, ન્યાયતંત્ર, રેલ્વે, તારટપાલ જેવી નવી નવી શોધો મળી. જેણે આપણી જીવનશૈલીને ધરમુળથી બદલી નાખી..અંગ્રેજ શાસકોની એક પરંપરા હતી... એ મુખ્યત્વે બ્રિટિશ વહીવટ માટે કામ કરતા આમછતાં કેટલાક એવા પણ અંગ્રેજ અમલદારો હતા જેમણે સ્થાનિક લોકો સાથે તાલમેલ રાખી પ્રજાહિતનાં કામો કરી મૂલ્યવાન પ્રદાન કર્યું છે..કેપ્ટન જેમ્સ મેકમર્ડો આવો જ એક અંગ્રેજ પોલિટિકલ રેસીડન્ટ હતો જેણે અંજાર કચ્છના વહીવટકર્તા હોવાની સાથે ઈતિહાસ કલા અને સંસ્કૃતિના જતન માટે કામ કરેલું..

ઈતિહાસમાં આવા ઘણા અમલદારોની ભવ્ય કથાઓ છે.આપણે ત્યાં વિદેશીઓની આવનજાવનનો સીલસીલો રહયો છે..એમાં અંગ્રેજ શાસકોનો અલગ અંદાજ હતો..એ કેવળ શાસકો ના હતા,પરંતુ ઘણી જગ્યાએ સંસ્કૃતિ અને કલાના પોષક તરીકે લોકચાહના મેળવતા રહ્યા છે. અમદાવાદના કલેકટર જેમ્સ ફાર્બસ... ભાવનગરના એડમીનીસ્ટ્રેટર બાર્ટન... રાજકોટના રેસીડન્ટ લેન્ગ... એવાં ઘણાં નામો છે જેણે પ્રજાની ચાહના મેળવી હોય..

આપણે જેની વાત કરવી છે એ કેપ્ટન જેમ્સ મેકમર્ડો પણ આવો જ એક વિદેશી અફસર હતો... એનો જન્મ ઈ.સ. ૧૭૮૭માં બ્રિટનમાં એક સુખી કુટુંબમાં થયેલો..ડમ્ફીશાયર પરગણાના લશ્કરી કેપ્ટન મેકમર્ડોનો એ ચાર પૈકી ત્રીજા નંબરનો પુત્ર હતો.ઈ.સ.૧૮૦૦માં એ ભારતમાં આર્મી મેન તરીકે આવ્યો..ઈ.સ ૧૮૦૭માં વીસ વરસની ઉંમરે એ કર્નલ વોટર સાથે આખું કાઠિયાવાડ ફરી ચુકેલો.

એ વખતે વહીવટ કે ન્યાયતંત્ર એવી અલગ શાખાઓ ન હતી..આ બધાં કામ આર્મી અફસરો જ કરતા..ઈંગ્લેન્ડની વૈભવી જિંદગી જીવેલો યુવાન કચ્છ વઢિયારના દૂર દેશમાં એડમીનીસ્ટ્રેટર તરીકે આવ્યો હતો..એનામાં કલાની ગજબ સૂઝ હતી.ગુજરાતની ધરતી એને પોતીકી લાગતી હતી.



સૌ પ્રથમ એણે કચ્છ,વાગડ. કાઠિયાવાડ... ઝાલાવાડ... વઢિયાર અને વાગડના પગપાળા પ્રવાસો કાફલા સાથે શરૂ કર્યા.એ રીતે એણે અજાણી ધરતી ઉપરનું જનજીવન,લોકસંસ્કૃતિ, અને લોકોની જરૂરિયાતો,રીતરિવાજ વગેરેનો અભ્યાસ કરવા માડયો..એ માટે એણે સ્થાનિક માણસોને સાથે રાખી રસાલા સાથે સફરો કરવા માંડી હતી..આ કોઈ સરળ કામ ન હતું..અજાણ્યા લોકો, અજાણ્યો મુલક,ભાષા અને બોલી પણ અજાણી..અનેક અવરોધો વચ્ચે એણે બધું આત્મસાત કરવા માંડ્યું.

ઈ.સ.૧૮૦૯ અને ઈ.સ. ૧૮૧૦ ની આસપાસ એ જયાં ફર્યો એના અનુભવો, જાણકારી અને વાતો એણે લખવાનું રાખ્યું.એની એ નોંધપોથી રસપ્રદ છે.મેકમર્ડોની ડાયરી સચવાઈ છે...એમાં કોઈ સાહિત્યકારની છટા નથી, પણ જે કંઈ વિગતો છે એ રોમાંચક છે..એમાં એ વખતના ગુજરાતનું જનજીવન જુદાજુદા શાસકો,ખેતી પશુપાલન અને વેપારવણજની વિગતો છલકાય છે.

ઘણાં વર્ષો એ લોકજીવનનો પ્રત્યક્ષ અનુભવ કરવા વેશપલટો કરી સાધુનો વેશ લઈને લોકો વચ્ચે ફરતો રહયો. એ રીતે રખડપટ્ટી કરી એણે લોકજીવનનો અભ્યાસ કર્યો હતો.લોકો એને ’ભુરીયા બાવા ’ તરીકે ઓળખવા લાગ્યા..! બાવો બની એણે સ્થાનિક રીતરિવાજો અને લોકજીવનની જાણકારી પ્રાપ્ત કરી.એ કલા અને સાહિત્યનો ચાહક હતો..કચ્છનો ઈતિહાસ એણે લખાવ્યો..સાહિત્ય, ચિત્રકળા,શિલ્પ, અને સ્થાપત્યો વિશે સંશોધન કરાવ્યાં.

ઈ.સ.૧૮૧૦ માં રાધનપુરના કેમ્પ દરમિયાન એણે રોજેરોજ નોંધો ટપકાવેલી.એની ડાયરીના એ રોમાંચક શબ્દો..‘નગરપારકરના બલુચી સરદાર રાયઘણખાને સંવત ૧૩૦૦ આસપાસ આ નગર વસાવ્યું છે..એની ચારેતરફ ફરતો કોટ છે..વીસ ફૂટ ઉંડી ખાઈથી એ ઘેરાયેલો છે...’ એ આગળ લખે છે..‘શહેરમાં છ સાત હજાર મકાનો છે..જે પૈકી ૧૪૦૦ જેટલાં ઘર વાણિયાઓ અને શરાફો નાં છે..લોકો માલદાર છે...’ આ પ્રદેશના વતની તરીકે મને ઘડીભર ગૌરવ થયું..વાહ મારૂં વતન એ સમયે પણ આટલું ભવ્ય હતું !

વઢિયારી સંસ્કૃતિની જનની એવી બનાસ વિશે એ લખે છે...‘રાધનપુરથી ત્રણ માઈલ દૂર બનાસ નદી પાર કરી..તેનો પટ અર્ધો માઈલ પહોળો છે... નદીનો પ્રવાહ જોરદાર હતો... તળિયું રેતાળ..અને પાણી બહુ જ ઉમદા પ્રકારનું છે...’ ખરેખર આ અવલોકન માટે તો એને દાદ આપવી જોઈએ..એક વિદેશી શાસકની કર્મ નિષ્ઠા કેટલી અદ્ભૂત હતી એનું આ ઉદાહરણ ગણી શકાય.

એ પછી એ છેક રાજસ્થાન સરહદે મોરવાડા સુધી ફરે છે... સમયાંતરે પછી અંજારનો રેસીડન્ટ અને ત્યારબાદ કલેકટર બને છે..સુંદર સજાવટવાળી કચેરી બનાવે છે. જેમાં લોકસંસ્કૃતિના આલેખન જેવાં પેઈન્ટિંગસ ચીતરાવે છે... એના બંગલામાં કચ્છી કમાગરી શૈલીનાં ભીંતચિત્રો એણે દોરાવેલાં.

ઈ.સ.૧૮૧૯ ના વિનાશક ભૂકંપ વખતે એ અસરકારક કામ કરી પ્રજાની ચાહના મેળવે છે...આર્મીમેન મેકમર્ડો કુશળ પ્રશાસક તરીકે ખ્યાત થાય છે...

ઈ.સ.૧૮૨૦માં એ આડેસર નજીક વરણુ ગામે કેમ્પ કરે છે મ.ત્યાં કોલેરાનો ભોગ બને છે..અને અવસાન પામે છે..એની યાદમાં વરણુ ગામના તળાવની પાળે સમાધી બનાવાય છે..જે આજે પણ જોઈ શકાય છે..આ સાથેની તસવીર એનો જીવંત પુરાવો છે..હું ૨૦૦૩માં એ સમાધી જોવા ગયેલો..એક રોમાંચ અનુભવેલો..

માત્ર બત્રીસ વરસનું આયુષ્ય ભોગવનાર મેકમર્ડોનું જીવન અનેક પરાક્રમોથી ભરપુર છે..ઈ.સ.૧૮૧૬માં કંપની સરકાર વતી એણે કચ્છની લડાઈ જીતી લીધી હતી..એના શિરપાવરૂપે એ અંજારનો રેસીડન્ટ બન્યો હતો.ઈ.સ.૧૮૧૯માં કચ્છમાં આવેલા વિનાશક ભૂકંપ સમયે અંજારના કલેકટર તરીકે એણે બચાવ અને રાહતની અદ્ભુત કામગીરી કરેલી.

એણે સુંદર પેઈન્ટિંગસથી પોતાની ઓફિસ સજાવેલી..એણે જાજરમાન બંગલો બનાવેલો..કચ્છની સંસ્કૃતિ અને ઈતિહાસ સંબંધી સંશોધનો અને ગ્રંથો લખાવેલા.એનો પહેરવેશ અને ચિરૂટ પીવાની સ્ટાઈલ લોકોમાં ખૂબ જ જાણીતાં થયેલાં..એની ગોરી મેડમ સાથેની એની જોડી અદ્ભુત લાગતી.એ જીવનનો પણ કલાકાર હતો..દૂર વિદેશની રાહથી આવેલો અજાણ્યો આ અંગ્રેજ એની અમલદારીની સાથેસાથે કલા, ઈતિહાસ, સંસ્કૃતિ, અને લોકકલ્યાણના કામો થકીલોકપ્રિય બની ગયેલો..એના નાની ઉંમરે થયેલા અવસાનથી લોકો આઘાત પામેલા..એના અનુપમ નિવાસમાં એની યાદો જીવંત લાગતી..ભૂત સ્વરૂપે ઘણા લોકોએ એને ત્યાં જોયાના દાખલા છે..એ રીતે એના મૃત્યુ પછી પણ એની હયાતી અનુભવાતી રહી છે.મેકમર્ડો વિદેશી તરીકે નહીં પણ કચ્છી ધરાના એક લોકપ્રિય માણસ તરીકે આજે પણ ઈતિહાસમાં ઉજ્જ્વળ સ્થાન ધરાવે છે...